તા. ૨૭.૦૬.૨૦૨૪, પાના નં. ૦૨

સંદેશ (ગાંધીનગર આવૃત્તિ)

# સે-૧માં મેટ્રો ટ્રેનના રૂટની સેફ્ટી ટ્રાયલની કામગીરી હાથ ધરાઈ

## મેટ્રો રેલ સેફ્ટી કમિશનર, ટીમ દ્વારા ઈન્સ્પેક્શન કરાયું

। ગાંધીનગર ।

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે મેટ્રો ટ્રેન આગામી જૂલાઈ મહિનામાં દોડતી થશે તેવા એંધાણ છે. આજે કમિશનર મેટ્રો રેલ દ્વારા ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. સેક્ટર-૧ ખાતે મેટ્રો રેલના કમિશનર આર.કે.શર્મા પહોંચ્યા હતા. તેમની સાથે ઈન્સ્પેક્શનની કામગીરીમાં અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગરમાં મેટ્રો ટ્રેન શરૂ થાય તેની રાહમાં લોકો છે. અગાઉ મેટ્રો ટ્રેનના પુલોનું લોડ ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. જરૂરી વજન સાથેની ચાર ટ્રેનો એકસાથે મૂકીને આ લોડ ટેસ્ટીંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કમિશનર ઓફ મેટ્રો રેલ સેફ્ટીને ચકાસણી માટે અપીલ કરવામાં આવશે તેવું જણાવ્યું હતું. આજે જ્યારે સેક્ટર-૧ના મેટ્રો સ્ટેશન પર ઈન્સ્પેક્શનની કામગીરી જોઈને લોકોમાં કુતુહલ સર્જાયું હતું.

આજે મેટ્રો ટ્રેનના રૂટની સેફ્ટી ટ્રાયલની કામગીરી હાથ ધરવામાં આવી હતી. મેટ્રો રેલ સેફ્ટીના કમિશનર આર.કે.શર્મા પોતાની ટીમ સાથે ઈન્સ્પેક્શન માટે આવી પહોંચ્યા હતા અને સેફ્ટી ટ્રાયલનો આરંભ કર્યો હતો. આગામી જુલાઈમાં બે શહેરો વચ્ચે મેટ્રો દોડતી થઈ જશે તેવું દેખાય રહ્યું છે.

શરૂમાં અમદાવાદના મોટેરાથી સેક્ટર-૧ સુધી મેટ્રોને દોડાવવામાં આવશે. ત્યારબાદ તબક્કાવાર બીજા રૂટો શરૂ કરાશે તેવી વિગતો છે.